**સુરતના મહે.૧૩માં એડી. જ્યુડીશીયલ મેજી. ફ. ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સુરત.**

**<u>ક્રીમીનલ કેસ નં.૨૧૨૧૯/૨૦૨૦</u>**

આંક– ૭

ફરીયાદી: સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી: કલાબેન તે રાકેશભાઈ નગીનભાઈની વિધવા
ઉ.વ. ૪૨ ધંધો:– મજુરી

..............................................................................................
ગુનો કલમ –ધી પ્રોહી એકટની કલમ–૬૫ (ઈ) મુજબ
.................................................................................................

(૧) ફરીયાદ પક્ષની કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ તારીખે વગર પાસ પરમીટે જાહેરમં ગેરકાયદેસર રીતે પોતાની પાસેની થેલીમાં દેશી દારૂ હાથ બનાવટઠનો દારૂ લીટર ૧૧ રાખી પકડાઈ જઈ આરોપી સામે ધી પ્રોહી એકટ કલમ ૬૫ ઈ મુજબનો પોલીસે ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપી હાજર થતા તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની પ્લી વાંચી, સંભળાવી, સમજાવતા, આરોપીએ આંક–૫ થી ગુનો કબુલ કરતુ નિવેદન તથા આંક–૬ થી ગુના કબુલાતની પુરસીસ રજુ કરી સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરવાની પુરસીસ રજુ કરી જણાવે છે કે આરોપી ગરીબ વર્ગના તેમજ એકજ કમાનાર વ્યકિત છે. તેમણે આ પહેલો ગુનો કરેલ છે અને ફરીવાર ગુનો નહી કરવાની ખાત્રી આપી દયાની માંગણી કરી યોગ્ય દંડ કરવા રજુઆત કરેલ છે. સદર કેસની હકીકત તેમજ ગુાની ગંભીરતા તથા કબુલાત ધ્યાને લેતા અને ગુજરાત રાજય વિ. નટોર હરચંદજી ઠાકોરના ચુકાદામાં ના. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત

જળવાય રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપને દોષિત ઠરાવી ન્યાન હિતમાં નીચે મુજબનો હુમ કરવામાં આવે છે.

::-હુકમ::-

આરોપીને ફોજદારી કાર્યરીતી સહીતા, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૫ (ઈ) હેઠળના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવાં આવે છે અને રૂપિયા ૨૦૦/- (અંકે રૂપિયા બસૌ પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન-૩(ત્રણ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજ રોજ તા. ૯ મી, માહે -માર્ચ સને -૨૦૨૪ ના રોજ સ્પેશીયલ સીંટીગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૪/૨૦૨૪
સ્થળ: સુરત

(ઓમદેવસિંહ.બી.ગોહિલ)
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,સુરત
કોડ નં. જીજે-૦૧૭૧૭.

આરોપીએ રસીદ નંબર....... ....થી
દંડ ભરેલ છે.

આસીસ્ટન્ટ
૧૩માં એડિ.સીવીલ જજ.